# પરિષદ-પ્રમુખનો પત્ર

## વિશેષાંકોની પરંપરા

ગુજરાતી પત્રકારત્વમાં, વિશેષતઃ સાહિત્યિક પત્રકારત્વમાં વિશેષાંકો પ્રગટ કરવાની પરંપરા ઘણી જૂની છે. મને આ ક્ષણે એક એવો વિશેષાંક સ્મરણે ચઢે છે. સુરતનું 'ગુજરાતમિત્ર' પત્ર છેક ૧૮૬૩થી પ્રસિદ્ધ થાય છે. પહેલાં તે સાપ્તાહિક હતું; ૧૯૩૬થી તે દૈનિક બન્યું. આજથી અઠ્યાસી વર્ષ પહેલાં, એટલે કે સન ૧૯૨૩માં તેણે પોતાનાં સાઠ વર્ષ પૂરાં કર્યાં ત્યારે એક હીરક જયંતી વિશેષાંક પ્રસિદ્ધ કર્યો હતો. ત્રણેક વર્ષ પહેલાં જ તે મારા જોવામાં આવ્યો. તેની વાચનસમૃદ્ધિ અને લેખક-લેખિકાઓનું વૈવિધ્ય જોઈને સાહિત્ય-પત્રકારત્વનો કોઈ પણ સુજ્ઞ રસિક પ્રભાવિત થઈ શકે. અતિ ટાંચાં સાધનો અને મર્યાદિત મુદ્રણ-સુવિધાઓ છતાં એ અંકમાં સાહિત્યિક રચનાઓ અને માહિતીપ્રદ વાચન-સામગ્રીનો સંતુલિત સમન્વય સધાયેલો હતો. પણ, તેની જે કેટલીક અધિક ઉલ્લેખનીય વિશેષતાઓ વર્તાઈ તે આ મુજબ : (૧) વીસમી સદીના પૂર્વાર્ધમાં પણ એ અંકમાં લેખકો ઉપરાંત લેખિકાઓની ગદ્યપદ્ય રચનાઓની સારી એવી સંખ્યા હતી; (૨) એ અંકમાં બહુમતી હિન્દુ લેખક-લેખિકાઓ ઉપરાંત મુસલમાન, પારસી અને ખ્રિસ્તી કલમનવેશોની કૃતિઓનું પણ સંખ્યાબળ મોટું હતું. આજે લેખિકાઓની કલમો તો ઘણી સક્રિય છે, પણ મુસલમાન, પારસી, ખ્રિસ્તી વગેરે લઘુમતી કોમોમાંથી ગુજરાતી ભાષામાં લખનારાઓનું પ્રમાણ સાવ ઘટી ગયું છે. મારી દૃષ્ટિએ આપણાં ભાષા-સાહિત્ય માટે તે એક મોટી હાણ છે. રખે ભૂલાય કે ગુજરાતી સાહિત્ય-પત્રકારત્વના પ્રારંભિક ઘડતરમાં આ કોમો ઉપરાંત વિદેશી અંગ્રેજી અધિકારીઓનું પણ મૂલ્યવાન પ્રદાન હતું.

પણ આજે આપણે વિશેષાંકોની વાત કરવી છે. પુનઃ મારે 'ગુજરાતમિત્ર'નો ઉલ્લેખ કરવો પડે છે. ચાળીસના દાયકાના અંતિમ અને પચાસના દશકાના પ્રથમ ચરણમાં એ વર્તમાનપત્રે જે અત્યંત સાદા પણ સુરુચિપૂર્ણ તથા અત્યંત સત્ત્વશીલ દીપોત્સવી અંકો પ્રગટ કર્યા હતા તે મારે માટે આજેયે અવિસ્મરણીય છે. તેનું વિશાળ અને ઉચ્ચસ્તરીય લેખકવૃંદ અદ્ભુત હતું.

વસ્તુતઃ એ સમયખંડ ગુજરાતી પત્રકારત્વમાં દીપોત્સવી અંકોની સમૃદ્ધિનો હતો. ગુજરાતી ભાષાનાં લગભગ બધાં જ અખબારો દીપોત્સવી અંકો પ્રગટ કરતાં અને તેની વાચનસમૃદ્ધિ ધ્યાનાર્હ હતી. સાહિત્યિક સામયિકની આવા અને અન્ય પ્રકારના વિશેષાંકો પ્રગટ કરવાની પરંપરા ઊજળી હતી.

પણ દૈનિક પત્રકારત્વનું વ્યવસાયીકરણ વધતું ગયું અને અખબારોનો સાહિત્યિક સંસ્પર્શ ઘટ્યો એટલે આવા દીપોત્સવી અંકો ઓસરતા ગયા. હવે તો દૈનિકો પૂર્તિ રૂપે એવી ને એટલી વાચનસામગ્રી રોજેરોજ આપે છે કે વિશેષાંકોનો મહિમા ઘટે તે આશ્ચર્યજનક નથી.



પણ શિષ્ટ સાહિત્યિક સામયિકોની વિશેષાંક-પરંપરા એકંદરે જળવાઈ રહી છે અને થોડાક કિસ્સાઓમાં તો તે વધારે સમૃદ્ધ અને દૃષ્ટિપૂત બની છે. મને સુપેરે યાદ છે કે, પચાસ-સાઠના દશકમાં દરેક એપ્રિલ મહિનામાં 'નવચેતન' માસિક પત્રનો વર્ષાંક વાર્તા-વિશેષાંક તરીકે પ્રગટ થતો હતો અને વાર્તાકારોની ત્યારની પેઢીને તેનું અદકું આકર્ષણ હતું. તેના તંત્રી ચાંપશી ઉદ્દેશીનું ઉત્સાહસભર સંપાદન ત્યારે કેટલાયે વાર્તાકારોને પ્રેરણા આપતું હતું.

રવિશંકર રાવળ અને બચુભાઈ રાવળ દ્વારા સ્થાપિત-સંપાદિત માસિકપત્ર 'કુમાર'ની ત્યારે એવી પ્રતિષ્ઠા હતી કે અમને તો તેનો પ્રત્યેક અંક વાચન-સમૃદ્ધિ-વૈવિધ્યની દૃષ્ટિએ વિશેષાંક સમાન લાગતો. 'કુમાર'ના આમેયે કેટલાક પ્રસંગોચિત વિશેષાંકો પ્રગટ થતા રહેતા અને તેવા અંકો ગ્રંથની ગરજ સારતા.

આજેયે 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના મુખપત્ર દિવાળી ટાંકણે ચીલાચાલુ દીપોત્સવી અંકને બદલે ચોક્કસ સાહિત્યિક વિષયોને કેન્દ્રમાં રાખીને જે વિશેષાંકો પ્રગટ કરે છે તે વાચનસામગ્રીની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ નીવડે છે. તેના સંપાદક હર્ષદ ત્રિવેદીની સાહિત્યદૃષ્ટિને બિરદાવ્યા વિના ન રહી શકાય.

'નવનીત-સમર્પણ' એક એવું માસિકપત્ર છે જેની દીપોત્સવી અંકોની પરંપરા જૂની અને સમૃદ્ધ છે. તેના વર્તમાન સંપાદક દીપક દોશીએ એ પરંપરાને જાળવી રાખવા ઉપરાંત ક્યારેક અન્ય વિષયો પરત્વે વિશેષાંકો પ્રગટ કરીને તેમાં દૃષ્ટિપૂત વૈવિધ્ય ઉમેર્યું છે.

છેલ્લા થોડાક મહિનાઓમાં પ્રસિદ્ધ થયેલા બે વિશેષાંકો ધ્યાનાર્હ બન્યા છે. (૧) 'ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્ર 'પરબ'નો કવિવર ઉમાશંકર જોશીની જન્મશતાબ્દી નિમિત્તે પ્રગટ થયેલો ઉમાશંકરનાં કાવ્યોના આસ્વાદને સમાવતો દળદાર વિશેષાંક અને (૨) વાર્તાવિશેષાંક રૂપે 'કુમારે' પ્રસિદ્ધ કરેલો પોતાનો એક હજારમો અંક.

સહર્ષ સ્વીકારવું જોઈએ કે ઉમાશંકર જોશીની જન્મશતાબ્દીને વિવિધ સ્વરૂપે ઊજવવામાં 'પરબ' ઉપરાંત 'ઉદ્દેશ', 'નવનીત-સમર્પણ', 'શબ્દસૃષ્ટિ' વગેરે અગ્રણી સાહિત્યિક સામયિકો ઊણાં ઊતર્યાં નથી અને એ સંદર્ભે તેઓએ પોતાની સાહિત્યકીય પ્રસ્તુતતાને સાર્થક કરી છે. 'પરબ'નો વિશેષાંક વિશેષ ધ્યાનાર્હ લાગવાનું કારણ કવિ-મનીષીનાં ચૂંટેલાં કાવ્યોના આસ્વાદોને સમર્પિત થયેલું તેનું સંપાદન. કાવ્યો અને આસ્વાદકો ઉપરાંત પૃષ્ઠસંખ્યાની મર્યાદા તો હોય જ, છતાં જે કામ થયું છે તેમાં તેના સંપાદક યોગેશ જોષીનો નવી દિશા ચીંધવાનો અભિગમ પ્રતીત થાય છે.

'કુમારે' તેનો સહસ્રાંક વાર્તાવિશેષાંક રૂપે પ્રગટ કરીને સ્તુત્ય કાર્ય કર્યું છે. આશરે ઓગણસાઠ મૌલિક ગુજરાતી વાર્તાઓ પ્રગટ કરીને તેના તંત્રી ડૉ. ધીરુભાઈ પરીખ અને તેમના સહાયક પ્રફુલ્લ રાવલે સાંપ્રત ગુજરાતી વાર્તાનું એક પ્રકાશપૂર્ણ દર્પણ પ્રસ્તુત કર્યું છે. તેમાં નીવડેલા વાર્તાકારો અને તાજી કલમોનો સુચારુ સમન્વય સધાયો છે. આ અંકનું ભવિષ્યે દસ્તાવેજી મૂલ્ય પણ કદાચ અંકાશે.

તા. ૧૬-૫-૨૦૧૧, સુરત

**ભગવતીકુમાર શર્મા**